Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue : 1 • Date : 25-05-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### આવનારી મહામારીને રોકવાનો સમય આવી ગયો છે

# કોરોનાથી ખતરનાક માહામારીમાં બે કરોડ લોકોનાં થશે મોત

### સ્વિટ્ઝર્લેન્ડના જીનીવામાં વર્લ્ડ હેલ્થ કોન્ફરન્સની બેઠકમાં WHOના વડાએ ચેતવણી આપી હતી કે કોવિડ-૧૯ રોગચાળો હજુ સમાપ્ત થયો નથી

નવી દિલ્હી

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડા ડો. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે કહ્યું કે વિશ્વએ એવા વાયરસ માટે તૈયાર રહેવું જોઈએ જે કોવિડ કરતા પણ ઘાતક હશે.

ધ ઈન્ડિપેન્ડન્ટના રિપોર્ટ અનુસાર, **WHO** ચીફે કહ્યું કે આવનારા વાયરસથી ઓછામાં ઓછા ૨ કરોડ લોકો માર્યા જશે. તાજેતરમાં, ગ્લોબલ હેલ્થ બોડીએ જાહેરાત કરી હતી કે કોવિડ-૧૯ રોગચાળો હવે સ્વાસ્થ્ય કટોકટી નથી. **WHO**ના વડાએ જિનીવામાં તેમની વાર્ષિક હેલ્થ કોન્ફરન્સમાં કહ્યું કે આવનારી મહામારીને રોકવાનો સમય આવી ગયો છે. આ માટે વાતચીતને આગળ વધારવાનો સમય છે.

સ્વિટ્ઝર્લેન્ડના જીનીવામાં વર્લ્ડ હેલ્થ કોન્ફરન્સની બેઠકમાં **WHO**ના વડાએ ચેતવણી આપી હતી કે કોવિડ-૧૯ રોગચાળો હજુ સમાપ્ત થયો નથી. ડો. ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયસસે કહ્યું કે કોવિડ પછી અન્ય પ્રકારની બીમારીનો ખતરો હોઈ શકે છે, જે મૃત્યુનું કારણ બની શકે છે. તે કોવિડ કરતા ઘાતક હોઈ શકે છે અને તે વધુ ઘાતક સાબિત થશે. તેમણે ચેતવણી આપી હતી કે વિશ્વએ આ માટે તૈયાર રહેવું જોઈએ અને કોઈપણ પ્રકારના જોખમનો સામનો કરવા માટે બંધાયેલા રહેશે. **WHO** એ નવ પ્રાથમિક રોગોની ઓળખ કરી છે, જે જાહેર આરોગ્ય માટે સૌથી મોટો ખતરો છે. ડેઈલી મેલે અહેવાલ આપ્યો છે કે તેમની સારવારની અછત અથવા રોગચાળો



ફેલાવવાની તેમની સંભાવનાને કારણે તેઓ સૌથી જોખમી માનવામાં આવે છે. તેમણે કહ્યું કે વિશ્વ કોવિડ -૧૯ રોગચાળાના આગમન માટે તૈયાર નથી, જે એક સદીમાં સૌથી ગંભીર આરોગ્ય સંકટ તરીકે ઉભરી આવ્યું છે. **WHO**ના વડાએ બેઠકમાં કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં કોવિડ-૧૯એ આપણી દુનિયા બદલી નાખી છે. આમાં લગભગ ૭૦ લાખ લોકોના મોત થયા હતા, પરંતુ આપણે જાણીએ છીએ કે આંકડો આનાથી વધુ હોઈ શકે છે, જે લગભગ ૨૦ મિલિયન હશે. તેમણે કહ્યું કે જે ફેરફારો કરવા જોઈએ તે આપણે નહીં કરીએ તો કોણ કરશે? આવનારી મહામારી દસ્તક આપી રહી છે અને આવશે પણ. આપણે નિર્ણાયક, સામૂહિક અને સમાન રીતે જવાબ આપવા માટે તૈયાર રહેવું જોઈએ.

### ગુજરાતમાં ૬૦૦૦ પદો પર થશે બમ્પર ભરતી

# મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે

### આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે, સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે

ગાંધીનગર

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ટૂંક સમયમાં ૫૦૦ કે ૧૦૦૦ નહીં પરંતુ ૬૦૦૦ પદો પર બમ્પર ભરતી કરવામાં આવશે. હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ભરતીને લઈને ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે મહત્વની માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડ ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક ભરતી કરવામાં આવશે.

હસમુખ પટેલે જણાવ્યું છે કે, મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે. આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે. સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે.

તેમણે જણાવ્યું કે, ૧૮ મેએ રાજ્ય સરકારે પરીક્ષાને લઈ નવા નિયમો અમલી બનાવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ જે ક્લાસ ૩ માટે પરીક્ષા લે છે, એમાં ગ્રુપ બનાવવામાં આવ્યા છે ગ્રુપ છ અને ગ્રુપ **B.** આ પ્રમાણે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. ગ્રુપ **A**માં ઓફિસ આસિસ્ટન્ટ, કલેક્ટર ઓફિસના ક્લાર્ક, હેડ ક્લાર્ક અને સિનિયર ક્લાર્કનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રુપ **B**માં ખાતાના વડાની કચેરીના જુનિયર ક્લાર્કનો સમાવેશ છે. સીધી ભરતીની પરીક્ષા ૨ તબક્કામાં લેવાશે. પ્રિલિમ પરીક્ષા બંને ગ્રુપ માટે કોમન જ હશે. **MCQ** આધારિત ૧૦૦ ગુણનું પેપર રહેશે. પ્રિલિમના પરિણામ બાદ એ અને બી ગ્રુપની મુખ્ય પરીક્ષા લેવાશે. મેઈન એક્ઝામ માટે ઉમેદવારને એ, બી અથવા બંને ગ્રુપની પસંદગી કરવાની તક આપવામાં આવશે અને ફરીથી ફોર્મ ભરાવવામાં આવશે.

ગ્રુપ **B**ની મેઈન પરીક્ષા **MCQ** આધારિત હશે. આ પેપર ૨૦૦ માર્ક્સનું હશે તેને ૧૨૦ મિનિટમાં પૂર્ણ કરવાનું રહેશે. ગ્રુપ **A** માટે વર્ણાત્મક ત્રણ પેપર આપવાના રહેશે. ગુજરાતીનું ૧૦૦ માર્ક્સ, અંગ્રેજી ૧૦૦ માર્ક અને જનરલ સ્ટડી ૧૫૦ માર્ક્સનું રહેશે. આ પસંદગી યાદી બન્યા બાદ ગ્રુપ છ અને **B** માટે ઉમેદવારનો નિમણૂક માટેના ભલામણ પત્રો આપવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે, આમાં વેઈટિંગ લિસ્ટ બનાવવામાં આવશે નહીં અને આ વખતે દરેક કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની છે. પરીક્ષામાં જે ઉમેદવાર હાજર રહેનારા ઉમેદવારોને પરીક્ષા ફી રિફન્ડ આપવામાં આવશે.

### કુલિંગ વોટરની આડમાં દારુનું રિફિલિંગ

# સુરતના ઓલપાડમા કુલિંગ વોટર કારખાનાની આડમાં દારૂનો ધંધો

### બુટલેગરો દ્વારા એક નવો કીમિયો અપનાવ્યો હોવાનું સામે આવ્યું છે

સુરત

બુટલેગરો દારુની હેરાફેરી તેમજ દારૂના વેચાણ માટે નવા નવા કિમીયા અપનાવી રહ્યાં છે. વધુ એક કિમીયાનો પર્દાફાશ સુરત પોલીસે કરી કર્યો છે. સુરતના ઓલપાડ-સાયણ તરફ જતા માર્ગ પરથી દારૂનો કારખાનું ઝડપાયો છે. બુટલેગરો દ્વારા એક નવો કીમિયો અપનાવ્યો હોવાનું સામે આવ્યું છે.

સુરતના ઓલપાડમાંથી નકલી દારૂનું કારખાનું ઝડપાયું છે, કુલિંગ વોટર કારખાનાની આડમાં દારૂનું રિફિલિંગ કરાતું હતું અને આરોપી લુઝ પેકિંગમાં દારૂ લાવતા હતા તેમજ લુઝ પેકિંગમાં દારૂ લાવી બ્રાન્ડેડ બોટલમાં ભરાતો હતો, દારૂ ઝડપાવા મામલે પોલીસ **FS**ની મદદ લેશે.

કુલિંગ વોટર કારખાનાની આડમાં દારૂનું રિફિલ કરવામાં આવતું હતું. હલકી કક્ષાના દારૂ ને ઉંચી બ્રાડની બોટલમાં રિફિલ કરતા હતા. બહારથી લુઝ પેકિંગમાં વિદેશી દારૂ લાવતા હતાં તેમજ કોઈ ને શંકા ન જાય તે માટે લુઝ પેકીંગમાં કેમિકલ ડ્રમમાં લાવતા હતા. જોકે પોલીસે રેડ કરી સમગ્ર કારોબારનો પર્દાફાશ કર્યો છે. સમગ્ર મામલે **FSL**ની મદદ લેવામાં આવશે તેમજ પ્રાથમિક તબક્કે દારૂનું રિફિંલીગ થતું હોવાની માહિતી હાલ પ્રાપ્ત થઈ રહી છે. પોલીસે દારૂની બોટલો, સ્ટીકર, બૂચ, લુઝ પેકિંગ બેરલો સહિતનો મુદામાલ કબ્જે કર્યો છે.

## તંત્રી લેખ

### યોગ્ય જવાબ

*શ્રીનગરમાં જી-૨૦ના પર્યટન કાર્યસમૂહનું ત્રણ દિવસનું મહત્ત્વપૂર્ણ સંમેલન શરૂ થવું એ દર્શાવે છે કે ભારત પોતાની આંતરિક બાબતોમાં કોઈ અન્ય દેશની દખલ સહન કરવા તૈયાર નથી. શ્રીનગરમાં જી-૨૦ સાથે જોડાયેલા આયોજનને લઈને પાકિસ્તાનની સાથે જ ચીને પણ વાંધો ઉઠાવ્યો હતો, પરતું ભારતે તેમની ધરાર અવગણના કરી, બલ્કે આ દેશોને સ્પષ્ટ જવાબ પણ આપી દીધો. એવું કરવું જરૂરી જ હતું, કારણ કે ભારતે પોતાના કોઈપણ ભૂભાગમાં દરેક પ્રકારનું આયોજન કરવાનો અધિકાર છે - તે ચાહે આંતરરાષ્ટ્રીય સ્તરના જ કેમ ન હોય! શ્રીનગરમાં જી-૨૦ના પર્યટન કાર્યસમૂહની બેઠકથી ચીને દૂર રહેવાનો નિર્ણય કર્યો છે. તેનો સાથ તુર્કી પણ આપી રહ્યું છે. બની શકે કે એક-બે અન્ય દેશ પણ આ બેઠકમાં સામેલ થવાની મનાઈ કરે, પરંતુ તેનાથી કોઈ ફરક પડવાનો નથી. આ બેઠકમાં લગભગ ૬૦ દેશોના ૧૨૦થી વધુ પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે. સ્પષ્ટ છે કે મોટાભાગના દેશોએ ચીનને આઈનો દેખાડવો જરૂરી માન્યું. તેમનો આ ફેંસલો ચીનની ફજેતી પણ છે અને એના પર મહોર પણ કે જમ્મુ-કાશ્મીરથી વિભાજનકારી કલમ ૩૭૦ ખતમ કરવાનો ભારતનો નિર્ણય યોગ્ય જ હતો.*

*ચીન કાશ્મીર મામલે પોતાની ફજેતી પહેલાં પણ કરાવી ચૂક્યું છે. તેણે પાકિસ્તાની આતંકીઓને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા પ્રતિંધિત કરવાની દરેક પહેલમાં દર વખતે રોડાં નાખ્યાં, પરંતુ કેટલાય પ્રસંગે તેણે મોંભેર પછડાટ ખાવી પડી. ચીન પોતાની હરકતોથી એ જ દર્શાવી રહ્યું છે કે આતંકવાદ મામલે તેની કહેણી-કરણીમાં અંતર છે. આ અંતર દુનિયા પણ જોઈ રહી છે, પરંતુ ચીન સાચા રસ્તે આવવા તૈયાર નથી. તેણે અરુણાચલ પ્રદેશમાં પણ જી-૨૦ની એક બેઠકનો બહિષ્કાર કર્યો હતો, પરંતુ ભારત પોતાના નિર્ણય પર અડગ રહ્યું. ભારતે આગળ પણ એવું જ કરવું જોઈએ, બલ્કે ચીનને તેની જ ભાષામાં જવાબ આપવો જોઈએ. ભારતે તેના સમક્ષ એ સ્પષ્ટ કરવું પણ જરૂરી છે કે તિબેટ અને હોંગકોંગ તેની દુખતી રગ છે. એ સારું થયું કે ભારત સરકારે શ્રીનગરમાં જી-૨૦ સાથે જોડાયેલા આયોજનને ભવ્ય રૂપ આપવામાં કોઈ કસર ન છોડી. આ આયોજનના માધ્યમથી દુનિયાને બદલાતા જમ્મુ-કાશ્મીરને જોવાનો અવસર મળશે. એની સાથે જ તેણે વિશ્વ મંચો પર ભારતની વધતી તાકાતનો પણ આભાસ હશે. તે તમામ મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય મંચો પર જે રીતે વિશ્વ સમુદાયનું ધ્યાન પોતાના તરફ ખેંચી રહ્યું છે, તેનાથી એ જ ખબર પડે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય બાબતોમાં ભારતની ભૂમિકા વધી રહી છે. તેનું એક પ્રમાણ હાલમાં હિરોશિમામાં જી-૭ની બેઠકમાં મળ્યું અને પછી પાપુઆ ન્યૂગિનીમાં પણ. ભારતીય વડાપ્રધાન જે રીતે જાપાની મીડિયામાં છવાયેલા રહ્યા, એ જ રીતે પાપુઆ ન્યૂગિની અને ફિજીમાં પણ છવાયેલા રહ્યા.*

### નિર્વસ્ત્ર કરી શરીર પર કર્યા કંકુના ચાંદલા

# સગીરાનું અપહરણ કરીને તાંત્રિક વિધિ કરવામાં આવી

### છોટાઉદેપુરના ગામની સગીર કિશોરીનું અપહરણ કરી તાંત્રિક વિધિ કર્યાની ફરિયાદ કવાંટ પોલીસ સ્ટેશનમાં નોધાઈ છે

કવાંટ

તાલુકાના કુટબી ગામની સગીરવયની છોકરીનું ઘરેથી અપહરણ કરીને તાંત્રિક વિધિ કરવામાં આવ્યા છે. નસવાડી તાલુકા કડુલી મોહુડી ચોકડી થઈને તણખલા ગામ નજીકમાં આવેલા ગામના એક મકાનમાં રાખીવામાં આવી હતી. જ્યાં બે ધૂતારાઓએ યુવતીને નિર્વસ્ત્ર કરી શરીરના અલગ અલગ ભાગોમાં કંકુના ચાંદલા કરી ગળામાં દોરો બાંધ્યા હતા. તે સાથે બંને પગમાં નારિયલ બાંધી અને તાંત્રિક વિધિ કરી હતી. પરંતુ તાંત્રિક વિધિમાં ખલેલ પડતા તાંત્રિક વિધિ પુરી ના થતા યુવતીને લાવનાર સાથે પરત ઘરે મોકલતા યુવતી માનસિક રીતે સ્વસ્થ થતા કવાંટ પોલીસ સ્ટેશનમાં ૧૦ સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાં પોલીસની પ્રાથમિક તપાસમાં ૧૫ જેટલા વ્યક્તિ સંડોવણી હોવાનું અનુમાન છે જયારે નસવાડી તાલુકાની બે ઈક્કો ગાડીનો આ તાંત્રિક વિધિમાં ઉપયોગ કરવામાં પણ આવ્યો હતો. નસવાડી તાલુકામાં કુટબી ગામે એક સગીરવયની યુવતી એકલી હોવાનો ફાયદો ઉઠાવી ગામની એક મહિલા અને એક યુવક પટાવી ફોસલાવી લગ્નમાં જઈ આવ્યે તેમ કહી મોટર સાયકલ ઉપર બેસાડી લઈ ગયા હતા. નસવાડી તાલુકાના કડુલી મોહુડી ચોકડી ઉપર પસાર થઈને તણખલા ગામ તરફ આવવા માટે બે ઈક્કો ગાડી ભેગી કરી હતી અને તેમાં યુવતીને બેસાડી તણખલા ગામ નજીકમાં લઇ ગયા હતા. મકાનમાં તાંત્રિક વિધિની શરૂવાત કરી હતી અને ઓમ કર્યો હતો. ત્યાં બે સાધુ મહારાજો જેવા લાગતા વ્યક્તિઓ પણ હતા. યુવતીને નિર્વસ્ત્ર કરી શરીરના અલગ અલગ ભાગોમાં કંકુના ચાંદલા કર્યા હતા. ત્યાર બાદ ગળામાં દોરો અને પગમાં નારિયલ પણ બાંધવામાં આવ્યા હતા. જયારે યુવતીને તાંત્રિક વિધિ માટે મંત્ર યાદ કરાવ્યા હતા. જેમાં પીરમ પીર દશખીતી ધીર, અગર મેરા કામ નહિ હુવા તો ફુલસિંગ દાદા કી આન હૈ તેવા મંત્રો યુવતીને બોલાવ્યા હતા. ત્યાર પછી યુવતીને ઈંચકી આવતા મહારાજે યુવતીને પાણી જેવું પ્રવાહી પીવડાતા યુવતી બેભાન થઇ ગઈ હતી. યુવતીને લાવનાર તમામ લોકો ત્યાં હાજર હતા. જેમાં એક મહિલા તેની સાથે બીજા અન્ય લોકો હાજર હતા. યુવતીને ત્રણ એક કલાક બાદ ભાનમાં આવતા યુવતીને સંગીતા ભાભીએ કહ્યુ હતુ કે, છાની માની રેહજો કોઈને કશુ કેહતી ના અને જો કોઈને કહીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી પણ આપી હતી. ત્યાર બાદ ટુકડે ટુકડે ૪ બસો બદલીને બાઈક મુકેલ હતી. ત્યાં પહોંચેલ ત્યાર બાદ એક યુવક વિકેશે ઘર નજીક ઉતારીને જતો રહ્યો હતો. જેથી આ યુવતી ઘરે પહોંચતાં ગુમ સુમ રહેતા ઘરના સભ્યોએ સમગ્ર હકીકત હિમ્મત આપીને પૂછતાં યુવતીએ સમગ્ર હકીકત જણાવતા તેની ફરિયાદ કવાંટ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

### ૨૦થી ૨૫ ટકા કારખાના બંધ

# બોટાદ જીલ્લાના ડાયમંડ ઉઘોગમાં મંદીનો માહોલ

બોટાદ

રશિયા અને યુક્રેન યુદ્ધના લીધે બોટાદ જીલ્લાના ડાયમંડ ઉઘોગમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. જીલ્લામાં ૨૦થી ૨૫ ટકા કારખાના બંધ થઈ ગયા છે. હીરાના રફની સોલ્ટેઝ આવતા અને ત્યાર હીરો વેચાતા ન હોવાથી કારખાના માલિકોમાં અત્યારે ચિંતા જોવા મળી રહી છે. જો આવીજ રીતે રહેશે તો આગામી એક તારીખ પછી ૫૦ ટકાથી વધુ કારખાના બધં થશે. તેવી ડાયમંડ એસોસિએશનના પ્રમુખ દ્વારા નિવેદન આપવામાં આવ્યું છે. કારખાના બંધ થતા કારીગરોમાં ચિંતા જોવા મળી રહી છે. બોટાદ શહેર અને જિલ્લો હિરા ઉધોગ અને ખેતી આધારિત નભતો નાનકડો જિલ્લો છે. અહીં જિલ્લામાં ૧૩૦૦ થી ૧૫૦૦ જેટલા હિરાના કારખાનાઓ આવેલા છે. ૫૦૦થી વધારે હીરાની ઓફિસો આવેલ છે. જીલ્લામાં મોટી સંખ્યામાં રત્ન કલાકારો હિરા ઘસી પોતાનુ ગુજરાન ચલાવે છે તેમજ બોટાદ શહેરમાં મોટા પ્રમાણમાં વેપારીઓ હિરાની લે વેચના ધંધા સાથે સંકળાયેલા છે.ઉલ્લેખનીય છે કે, કાચો હિરો જે રશિયાથી આવે છે જેને હિરાની રફ કહેવાય છે જે ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં હિરો તૈયાર થાય છે. અત્યારે રશિયા અને યુક્રેન વચ્ચે થયેલ યુદ્ધ થયું છે જેની અસર હિરાના વેપાર પર પડેલ છે. ત્યારે બોટાદ જીલ્લામાં હાલ તો મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે અને જેના કારણે ૨૦ થી ૨૫ ટકા કારખાના બંધ કરવાની ફરજ પડી છે.બોટાદ જીલ્લામાં ૭૦ હજારથી વધુ કારીગરો આ વ્યવસાય સાથે જોડાયેલા હોઈ અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે પરતું હાલ હીરાની રફ આવતી ના હોઈ અને ત્યાર બનાવેલ હીરો માર્કેટમાં વેચાતો ન હોઈ જેને લઈ કારખાના માલિક તેમજ દલાલ અને વેપારીઓને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. કારખાના માલિકને અત્યાર હીરો વેચાતો ન હોઈ જેને લઈ કારીગરીનો પગાર સમયસર કરી શકાય તેમ નથી. જેને લઈ કારખાના બંધ કરવાની ફરજ પડી રહી છે. ત્યારે જો આવીજ રીતે મદી રહી તો આગામી ૧ તારીખ પછી ૫૦ ટકાથી વધુ કારખાના બધ થય જશે.

### રાજ્યમાં સરકાર દ્વારા એસટીમાં ભરતી થશે

# એસટીમાં ડ્રાઈવર-કંડક્ટર અને મિકેનિકની ભરતી કરાશે

ગાંધીનગર : રાજ્યમાં એસટીમાં ડ્રાઈવર અને કંડકટર બનવા માંગતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત એસ.ટી વિભાગમાં ડ્રાઈવર અને કંડકટરની ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત એસ.ટી વિભાગ મિકેનિકની પણ ભરતી કરશે. આ માટેનું નોટિફિકેશન થોડાક દિવસોમાં જ બહાર પાડવામાં આવશે. રાજ્યનાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને આ ભરતી અંગેની માહિતી આપી હતી. આ વર્ષે એસ.ટીમાં ૨૧૦૦ બસ ડ્રાઈવર અને ૧૩૦૦ જેટલી કંડકટરની ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત મિકેનિકની પણ ભરતી કરવામાં આવશે. આ અંગેની જાહેરાત ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. ગુજરાત સરકારે એસટી વિભાગ ઉપરાંત અન્ય વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ પર પણ ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજ્યમાં આગામી દિવોસમાં અંદાજે ૬ હજાર જેટલી જગ્યાઓ પર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી કરવામાં આવશે.

# બ્રાન્ડેડ કંપનીના નામે નકલી કપાસિયા તેલ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

અરવલ્લી, તા.૨૪

મોડાસા **GIDC**માંથી તિરૂપતિ કપાસિયા તેલના નામે નકલી તેલના ડબ્બાનું પેકિંગ કરતી ફેક્ટરી ઝડપાઈ છે. **SOG**ની ટીમે દરોડો પાડીને ૮ ડબ્બા, ૩૬ સ્ટીકર અને ડબ્બાના ૩૮ બૂચ જપ્ત કર્યા છે.

મળતી માહિતી અનુસાર, મોડાસા **GIDC** વિસ્તારમાં આવેલી લક્ષ્મી પ્રોટીન્સ નામની તેલ બનાવતી ફેક્ટરીમાં **SOG PI** સી.એફ રાઠોડ અને તેમની ટીમે બાતમી આધારે રેડ કરી હતી. આ દરમિયાન જૂના તેલના ડબ્બામાં અન્ય તેલ ભરી 'તિરૂપતિ કપાસિયા તેલ'ના સ્ટીકર તેમજ બૂચનો ઉપયોગ કરી વેચાણ કરતા વેપારીને ઝડપી લેવાયો હતો. આ દરમિયાન **SOG**ની ટીમે તિરૂપતિ કપાસિયા તેલના ડુપ્લીકેટ ૩૬ સ્ટીકર, ૩૮ નંગ બુચ તેમજ ૧૫ કિલો તેલ ભરેલા આઠ ડબ્બા સહિત કુલ રૂપિયા ૧૮,૮૧૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ બનાવમાં **SOG** પીઆઈ સી.એફ રાઠોડે કોપીરાઈટ એક્ટની કલમ ૬૩, ૬૪ મુજબ મોડાસા ટાઉન પોલીસ મથકે ગુનો દાખલ કર્યો છે, જ્યારે પોલીસે મોડાસા બસ સ્ટેશન નજીકની લક્ષ્મીકુંજ સોસાયટીમાં રહેતા અમિત કુમાર કિશનલાલ શાહની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### ૮થી ૨૩ વર્ષના વિદ્યાર્થીઓ રીલ્સ જોતા હોવાનું સ્ટડીમાં સામે આવ્યું

# ૩ કલાકમાં ૪૫૦ જેટલી રીલ્સ જોઈ કાઢે છે આજના યુવાનો

### ૨૦૨૦માં ઈન્સ્ટાગ્રામ પર અને ફેસબુર પર ૨૦૨૧માં રીલ ફિચર લોન્ચ કરવામાં આવ્યું હતું અને ત્યારથી મોબાઈલ યૂઝર્સ માટે તે ટાઈમપાસ કરવાનું ફેવરિટ વસ્તુ બની ગઈ છે



વડોદરા

જો તમારા પરિવારમાં જેન ઝી (૮થી ૨૩ વર્ષ) સભ્ય છે તો તમે જાણતા જ હશો તે તેમના માટે ટાઈમપાસ કરવાનું ફેવરિટ કામ મોબાઈલ સ્ક્રીન પર વળગી રહેવાનું છે. પરંતુ તમારે આ માટે ચિંતા કરવાની જરૂર નથી, આ એક નવી ગંભીર સમસ્યા છે, જે એમએસ યુનિવર્સિટીના સ્ટેટિસ્ટિક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવેલા સ્ટડીમાં જાણવા મળ્યું છે. સ્ટડીમાં ખુલાસો થયો છે કે, આ પેઢી દરરોજ લગભગ ત્રણ કલાક માત્ર ફ્રી વીડિયો-શેરિંગ એપ્સ સહિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શોર્ટ વીડિયો જોવામાં વિતાવે છે. સ્ટડીમાં તેમ પણ જાણવા મળ્યું છે કે, વિદ્યાર્થીઓ ૬૦ સેકન્ડની રીલ્સ અથવા ૧૫ સેકન્ડની ક્લિપ્સ જોવા માટે સ્માર્ટફોન પર ટોટલ સ્ક્રીન સમયના પાંચ કલાકમાંથી ૬૦ ટકા સ્પેન્ડ કરે છે. દરેક રીલ લગભગ ૧૫ સેકન્ડની હોય છે, વિદ્યાર્થીઓ નિયમિત ૧.૫ કલાકથી ૨ કલાકના સમયમાં આશરે ૩૬૦થી ૪૮૦ રીલ્સ જુએ છે. આ તમામ પ્લેટફોર્મ પર અમર્યાદિત સ્ક્રોલિંગ અને ઓટોપ્લે જેવા ફીચર્સના કારણે કન્ટેન્ટના ઉપયોગને સરળ બનાવે છે અને યૂઝર્સ લાંબા સમય સુધી તેમા વળગેલા રહે છે. આ વર્તન તેમની એકાગ્રતાને નુકસાન પહોંચાડે છે, તેમના ધ્યાનના સમયમાં ઘટાડો કરે છે તેમજ તેમની ઓવરઓલ હેલ્થને પણ નુકસાન પહોંચાડે છે, તેમ એક શિક્ષકે જણાવ્યું હતું, જેના માર્ગદર્શન હેઠળ **Bsc**ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ કેમ્પસમાં જ **MSU**ના ૩૨૯ વિદ્યાર્થીઓ પર સ્ટડી કર્યું હતું. 'આ પ્લેટફોર્મ યૂઝરના રસના આધારે કન્ટેન્ટને પર્સનલાઈઝ કરવા માટે અલ્ગોરિધમનો ઉપયોગ કરે છે. જે તેમને ક્યારેય ખતમ ન થતાં વીડિયોની સાયકલ સાથે જોડી દે છે', તેમ પ્રોફેશનલ રાકેશ શ્રીવાસ્તવે જણાવ્યું હતું, જેમણે 'શોર્ટ વીડિયો એન્ડ સ્ટુડન્ટ મેન્ટલ હેલ્થઃ એન ઈન્વેસ્ટિગેશન'ના ટાઈગલ હેઠળ સ્ટડી કર્યું હતું. સૌથી નવાઈની વાત તો એ છે કે, ૬૫ ટકા વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી વીડિયો જોયા બાદ દોષભાવ અને ઉદાસીનતા અનુભવે છે. 'દરેક વીડિયો મગજમાં ડોપામાઈન રિલીઝ કરે છે, જે વ્યક્તિને ડ્રગ જેવા એડિક્ટિવ બનાવે છે', તેમ શ્રીવાસ્તવે વાતચીત કરતાં જણાવ્યું હતું. આ એડિક્શન યુવાનોને વાસ્તવિક દુનિયાની સમસ્યાઓથી ભાગવામાં મદદ કરે છે. રસપ્રદ રીતે, ૪૦ ટકા છોકરીઓની સરખામણીમાં ૬૦ ટકા છોકરાઓ લાંબા સમય સુધી જુએ છે, જેનો સમયગાળો આશરે ૨થી ૩ કલાક હોય છે, જે શોર્ટ વીડિયોના વ્યસની થવામાં લિંગ-આધારિત તફાવત દર્શાવે છે. શુભમ સિંહ, ખુશાલી સૌમ્યા, મોહમ્મદ અંજુમ, શુભમ ભાવસાર અને અતુલ સહાનીએ કરેલા સર્વેમાં ૫૫% પુરૂષ અને ૪૫% મહિલા વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. 'આ રિસર્ચ સૂચવે છે કે વધુ પડતા વપરાશથી નકારાત્મક લાગણીઓ ફરી વળે છે કારણ કે વિદ્યાર્થીઓને બાદમાં તેમનો સમય બગાડવાનો પસ્તાવો કરે છે', તેમ તેમણે ઉમેર્યું હતું.

લગભગ ૭૫ ટકા વિદ્યાર્થીઓએ તેઓ પરિવાર અને મિત્રો સાથે ઓછો સમય પસાર કરતા હોવાનું સ્વીકાર્યું હતું તો ૬૫ ટકાએ શોર્ટ વીડિયો જોવાના કારણે તેમની ફિઝિકલ એક્ટિવિટીમાં ઘટાડો થયો હોવાનું જણાવ્યું હતું. મોબાઈલ સ્ક્રીનમાંથી આવતી બ્લૂ લાઈટ વિદ્યાર્થીઓની ઊંઘની ગુણવત્તા માટે હાનિકારક સાબિત થઈ રહી છે, કારણ કે ઓવર એક્સપોઝર ખાસ કરીને અંધારામાં મેલાટોનિન હોર્મેનના ઉત્પાદનને ઘટાડે છે, જે ઊંઘને નિયંત્રિત કરે છે. જે વિદ્યાર્થીઓ રાતે વીડિયો જોતા હતા તેમના તરફથી અપૂરતી ઊંઘની ફરિયાદ મળી હતી. 'અપૂરતી ઊંઘ એકાગ્રતામાં ઘટાડો કરે છે જે તેમના શૈક્ષણિક પર્ફોર્મન્સ પર અસર કરે છે', તેમ શ્રીવાસ્તવે જણાવ્યું હતું. વધારે શોર્ટ વીડિયો જોતા વિદ્યાર્થીઓ લેક્ચર અને રીડિંગ મટિરિયલ્સ જેવા લાંબા કન્ટેન્ટમાં પોતાનું ધ્યાન પરોવી શકતા નથી. સ્ટડી કરાયેલા મોટાભાગના વિદ્યાર્થીઓમાં એકાગ્રતાના સમયમાં ઘટાડો નોંધાયો હતો. કેટલાક અગાઉ કરેલા સ્ટડીમાં પણ જાણવા મળ્યું હતું કે, મનુષ્યનું ધ્યાન ૧૨ સેકન્ડથી ઘટીને ૮ સેકન્ડ થયું છે, જે ગોલ્ડફિશ કરતાં ઓછું છે જે અંદાજે ૯ સેકન્ડ જેટલું છે.

મોટાભાગના વિદ્યાર્થીઓને તો તેમણે છેલ્લી કઈ રીલ જોઈ હતી તે પણ યાદ રહેતું નથી. 'અનંક સ્ક્રોલિંગ શોર્ટ-ટર્મ મેમરીને અસર કરી શકે છે. ઝડપથી બદલાતું કન્ટેન્ટ માહિતીને મગજ સુધી અસરકારક રીતે પહોંચાડવામાં અવરોધી બને છે', તેવું સ્ટડીનું તારણ છે.

### નામચીન સ્કૂલો પણ બોગસકાંડમાં સામેલ

# શિક્ષણના નામે સેટિંગબાજીનો પર્દાફાશ પૈસા આપો અને સ્કૂલે જવાની જરૂર નહીં

### રાજકોટની અનેક સ્કૂલ વિદ્યાર્થી પાસેથી માત્ર ફી પડાવે છે પોતાનું પરિણામ ઉંચું લાવવા અને શિક્ષકો ન રાખવા માટે સ્કૂલો આવું કૌભાંડ કરે છે

રાજકોટ

નોન ગ્રાન્ટેડ,ડમી અને કન્સપ્ટ શાળાઓ શિક્ષણનો વેપાર કરતી હોવાનું સામે આવ્યું છે. આવી સંસ્થામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, પરંતુ શિક્ષણ આપવામાં આવતું નથી. અભ્યાસ કરાવવા માટે વિદ્યાર્થીઓને ખાનગી કોચિંગ કલાસિસમાં એડમિશન લેવડાવવામાં આવે છે, ત્યારે રાજકોટના કેળવણીકાર સિદ્ધરાજસિંહ ઝાલાએ નિવેદન આપ્યું છે. સિદ્ધરાજસિંહ ઝાલાએ કહ્યું કે, શિક્ષણ સાથે આ મોટા ચેડા છે. રાજકોટની અનેક સ્કૂલ વિદ્યાર્થી પાસેથી માત્ર ફી પડાવે છે. પોતાનું પરિણામ ઉંચું લાવવા અને શિક્ષકો ન રાખવા માટે સ્કૂલોકો આવું કૌભાંડ કરે છે. આવી સ્કૂલો સામે કમિશનર ઓફ સ્કૂલ અને બોર્ડે કાર્યવાહી કરવાની જરૂર છે. આવી રીતે સ્કૂલ ચલાવવાથી સ્કૂલ સંચાલકો અને કોચિંગ ક્લાસિસ બન્નેને ફાયદો થઈ રહ્યો છે. આવા સ્કૂલ સંચાલકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ થવી જોઈએ. વાલીઓની જાગૃતતાના અભાવે સ્કૂલો આવું કૌભાંડ કરે છે. જેથી વાલીઓએ પણ જાગૃત થવાની જરૂર છે. ગુજરાતમાં શિક્ષણના પવિત્ર વ્યવસાયનું વેપારીકરણ થઈ રહ્યું છે. પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતિત વાલીઓનો આકાશ ઈન્સ્ટિટ્યૂટ અને એલન ઈન્સ્ટિટ્યૂટ જેવી ખાનગી સંસ્થાઓ ગેરલાભ લઈ રહી છે. વાલીઓ પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે બેફામ ખર્ચ કરવા મજબૂર બન્યા છે. **JEE** અને **NEET** જેવી એન્ટરન્સ પરીક્ષા માટે ધો.૧૧-૧૨ સાયન્સનો અભ્યાસ કરવો જરૂરી છે. આવામાં આ પ્રવેશ પરીક્ષાની તૈયારીઓ સ્કૂલમાં થઈ શકતી ન હોવાથી સ્કૂલો એલન અને આકાશ જેવી ખાનગી ઈન્સ્ટિટ્યૂટ સાથે સેટિંગ કરીને એડમિશન આપી દે છે. એડમિશન આપતી વખતે એ પણ સવલત કરી દેવામાં આવે છે કે હાજરી નહીં હોય તો પણ ચાલશે પરંતુ તમારે ખાનગી ઈન્સ્ટિટ્યૂટમાં ભણવાનું રહેશે.

આવામાં માલેતૂજાર વ્યક્તિઓના સંતાનો માનીતી સ્કૂલોમાં હાજરી વિના પૈસાના જોરે એડમિશન મેળવી લે છે. ટ્યુશન ક્લાસિસવાળા વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા ફી લે છે. સ્કૂલ પણ બોગસ એડમિશન માટે લાખો રુપિયા ફી લે છે. ઉચ્ચ શિક્ષણ વિભાગની નજર સામે જ શિક્ષણનો કાળો કારોબાર થઈ રહ્યો છે. ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ વિભાગ માલેતુજાર અને ક્લાસિસો સામે મૌન છે. ફ્ફના કેમેરામાં બોગસ એડમિશનનો પર્દાફાશ થયો છે.

### સરકારી કર્મચારીઓ માટે ખુશખબર

# ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો

### સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી અંદાજે કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે

ગાંધીનગર

ગુજરાત સરકારના કર્મચારીઓના અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ચાર ટકાનો વધારો તારીખ ૦૧-૦૭-૨૦૨૨ની અસરથી તેમજ બીજા ચાર ટકાનો વધારો તારીખ ૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાનો કર્મયોગી-હિતકારી નિર્ણય રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે.

આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ મળવાપાત્ર થશે, તેવું પણ નિયત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી અંદાજે કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તા-૦૧-૦૭-૨૦૨૨ તથા તા.૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાના થતા મોંઘવારી ભથ્થામાં આ આઠ ટકા વધારાથી જે એરિયર્સની રકમ આપવાની થાય છે, તે ત્રણ હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે.

તદઅનુસાર, તફાવતની રકમનો પ્રથમ હપ્તો જૂન-૨૦૨૩ના પગાર સાથે, બીજો હપ્તો ઓગસ્ટ-૨૦૨૩ના પગાર સાથે અને ત્રીજો હપ્તો ઓકટોબર-૨૦૨૩ના પગાર સાથે ચૂકવવામાં આવશે. મોંઘવારી ભથ્થાના આ વધારાના પરિણામે રાજ્ય સરકારને અંદાજે વાર્ષિક રૂપિયા ૪,૫૧૬ કરોડનું નાણાકીય ભારણ વધશે.

### રાજકોટમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમને લઈ તડામાર તૈયારી

# અમદાવાદમાં ધીરેન્દ્રના દિવ્ય દરબાર માટે રજીસ્ટ્રેશન ફરજિયાત

## ૨૯ અને ૩૦ મે ના રોજ ચાણક્યપુરીમાં દરબાર ભરાશે, જ્યાં દરબાર ભરાવાનો છે તે સ્થળે આયોજકો પહોંચ્યા છે



અમદાવાદ

સુરત અને રાજકોટ ઉપરાંત ધીરેન્દ્ર શાસ્ત્રીનો અમદાવાદમાં પણ દિવ્ય દરબાર ભરશે. ચાણક્યપુરીમાં ખુલ્લા મેદાનમાં મંડપ બાંધવાની શરૂઆત થઈ ગઈ છે. ૨૯ અને ૩૦ મે ના રોજ ચાણક્યપુરીમાં દરબાર ભરાશે. જ્યાં દરબાર ભરાવાનો છે તે સ્થળે આયોજકો પહોંચ્યા છે. બાબા બાઘેશ્વરના દરબાર માટે વિશાળ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. વિવાદો વધતા બાબાના દરબારને લઈ સુરક્ષમાં વધારો કરવામાં આવ્યો છે. દિવ્ય દરબારમાં પ્રવેશ માટે લોકોનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના અમદાવાદમાં લોકદરબારની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ડોમથી લઈને સ્ટેજ સુધીના કામ યુદ્ધના ધોરણે થઈ રહ્યા છે. પાસ સિસ્ટમથી મુલાકાતીઓ ડોમમાં મેળવી શકશે પ્રવેશ. ચાણક્યપુરી ગ્રાઉન્ડની સવા લાખની છે મર્યાદા છે. જોકે મુલાકાતીઓ માટે પાસનું વિના મૂલ્ય વિતરણ કરવામાં આવશે. અમદાવાદમાં યોજાવનાર બાબાનો દિવ્ય દરબારમાં પાસ વિતરણ ૨૭ અને ૨૮ મે એ સવારે ૯ વાગ્યાથી શરૂ કરાશે. પાસ માટે મોબાઈલ નંબર, અને એડ્રેસ જ આપવાનું રહેશે. જ્યારે **Vvip** માટે અલગથી પાસની વ્યવસ્થા કરવામાં આવી છે. બે દિવસ બાબા અમદાવાદના ચાણક્યપુરીના બંગલામાં રોકાશે. બાબાના દરબારમાં વધુ ભીડ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ૧૦૦૦ થી વધુ સ્વયં સેવકો રહેશે પોલીસ સાથે સેવામાં હાજર રહેશે. ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમમાં ૧૫૦૦ સ્વયંસેવકો અને ૫૦૦ ખાનગી બાઉન્સર રહેશે. સાંજે ૫ કલાકે દિવ્ય દરબાર ભરાશે જે અમર્યાદિત સમય સુધી ચાલશે. હથિયારધારી સિક્યોરિટી પણ રાખવામાં આવશે. મહિલા સિક્યોરિટી અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હાલ કરવામાં આવી રહી છે. ધીરેન્દ્ર શાસ્ત્રીને ફાળવેલ ૨૨ રૂમના બંગલાથી ૧૦૦ મીટર અંતરે દરબારનું આયોજન કરવામાં આવશે. રાજકોટ શહેરમાં બાબા બાગેશ્વર ધામ ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરમાં આગામી ૧ અને ૨ જૂનના રોજ બાબાનો દિવ્ય દરબાર યોજાશે. અંગે શરૂ થયેલા કાર્યાલયની મુલાકાતે ગુજરાત ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સીઆર પાટીલ પહોંચ્યા હતાં. આગામી ૧ અને ૨ જૂને રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આ કાર્યક્રમ યોજાવાનો છે. આ કાર્યક્રમ અંગેની તૈયારી અને આયોજકો સાથે સીઆર પાટીલ મુલાકાત કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની સાથે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડૉ ભરત બોધરા, રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા અને ધારાસભ્ય દર્શિતા બેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યમાં સરકાર દ્વારા એસટીમાં ભરતી થશે

# એસટીમાં ડ્રાઈવર-કંડક્ટર અને મિકેનિકની ભરતી કરાશે

## આ વર્ષે એસ.ટીમાં ૨૧૦૦ બસ ડ્રાઈવર અને ૧૩૦૦ જેટલી કંડકટરની અને મિકેનિકની પણ ભરતી કરવામાં આવશે

ગાંધીનગર

રાજ્યમાં એસટીમાં ડ્રાઈવર અને કંડકટર બનવા માંગતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે.

ગુજરાત એસ.ટી વિભાગમાં ડ્રાઈવર અને કંડકટરની ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત એસ.ટી વિભાગ મિકેનિકની પણ ભરતી કરશે. આ માટેનું નોટિફિકેશન થોડાક દિવસોમાં જ બહાર પાડવામાં આવશે.

રાજ્યનાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને આ ભરતી અંગેની માહિતી આપી હતી.

આ વર્ષે એસ.ટીમાં ૨૧૦૦ બસ ડ્રાઈવર અને ૧૩૦૦ જેટલી કંડકટરની ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત મિકેનિકની પણ ભરતી કરવામાં આવશે. આ અંગેની જાહેરાત ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે.

ગુજરાત સરકારે એસટી વિભાગ ઉપરાંત અન્ય વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ પર પણ ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજ્યમાં આગામી દિવોસમાં અંદાજે ૬ હજાર જેટલી જગ્યાઓ પર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી કરવામાં આવશે.

### વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મૂકનારા ડ્રાઈવરને સજા

# આરોપી બસ ડ્રાઈવરને કોર્ટે ૩ વર્ષની સજા ફટકારી

## બસ ડ્રાઈવર લાખા બોરીચાને ગ્રામજનોએ વારંવાર ચેતવણી આપી પણ તેને કોઈની ના માની, બસ પલટી જતાં તે ત્યાંથી ભાગી ગયો

રાજકોટ

મોરબી જિલ્લામાં ૨૦૧૭ના પૂર દરમિયાન માળીયા નજીકના વહેતા કોઝવે પર વાહન લઈને ૩૦ જેટલા શાળાના બાળકોના જીવને જોખમમાં મુકવા બદલ બસ ચાલકને ત્રણ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી હતી. ઘટનાની વિગતો પર નજર કરીએ તો ૨૭ જુલાઈ ૨૦૧૭ના રોજ ડ્રાઈવર લાખા બોરીચા નીલકંઠ સ્કૂલની બસ લઈને કોઝવે પર આવી ગયો. ગ્રામજનોની વારંવારની ચેતવણી છતાં તેણે બસ પાણીમાં ચલાવી. પરિણામે ધસમસતા પાણી અને અવિરત વરસાદને કારણે વાહન અટવાઈ ગયું અને આંશિક રીતે પલટી ગયું. બસ પલટતા જ બોરીચા બસ છોડીને ભાગવામાં સફળ રહ્યો હતો. મદદ માટે બૂમો પાડી રહેલા વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે બહાર લાવવા માટે સ્થાનિકોએ ભારે પ્રયાસો હાથ ધર્યા હતા. સેશન્સ જજ વીએ બુદ્ધે બોરીચાને **IPC** કલમ ૩૦૮ (દોષપૂર્ણ હત્યાનો પ્રયાસ), ૨૭૯ (રેશ ડ્રાઈવિંગ) અને મોટર વ્હીકલ એક્ટની કલમો હેઠળ દોષિત ઠેરવ્યો હતો. પોલીસને આપેલા નિવેદનમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે તેઓએ બોરીચાને બાળકોના જીવને જોખમમાં ન નાખવા ચેતવણી આપી હતી પરંતુ તેણે તેમની સલાહ પર ધ્યાન આપ્યું ન હતું. આ સમગ્ર મામલે મદદનીશ સરકારી વકીલ સંજય દવેએ જણાવ્યું હતું કે, 'બોરીચા જાણતો હતો કે પાણીનું સ્તર ઊંચું છે અને કોઝવે પર બસ લઈ જવી એ બાળકોના જીવ માટે જોખમી છે. તેમ છતાં તેણે કોઝવે પર બસ ચલાવી. બસ અડધી પલટી જતાં તેણે પોતાનો જીવ બચાવ્યો અને વાહન ત્યાં જ છોડી દીધું. ફરિયાદ પક્ષે તેનો કેસ સાબિત કરવા માટે ૧૨ મૌખિક પુરાવા અને ૭ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. દવેએ ઉમેર્યું હતું કે, આરોપીને ઉચ્ચ ફોરમમાં અપીલ દાખલ કરવા માટે કોર્ટે સજાના અમલ પર એક મહિના માટે રોક લગાવી હતી. ભારે વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને કલેક્ટરે સવારે ૪:૩૦ વાગ્યે તમામ શાળાઓને બંધ રાખવાનો નિર્દેશ આપતા સંદેશા મોકલ્યા હતા. આદેશનો અનાદર કરવા બદલ શાળાને શો-કોઝ નોટિસ પણ આપવામાં આવી હતી. બોરીચા સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી હતી, જો કે, તે જામીન પર બહાર હતો. હવે કોર્ટે તેને ૩ વર્ષની સજા ફટકારતા જલદી જેલભેગો કરી દેવાશે.

# એરપોર્ટ પર સુવિધા યુક્ત પાર્કિંગ માટે FASTag કાર પાર્ક લોન્ચ કરાયું

અમદાવાદ

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે **(SVPI )**પાર્કિંગ સુવિધાને સારી બનાવવા માટે ફાસ્ટેગ કાર પાર્કિંગ લોન્ચ કર્યુ છે. ૨૩ મેથી શરૂ કરાયેલી આ નવતર સુવિધાનો લાભ એરપોર્ટ પર મુસાફરી કરતા લોકો સરળતાથી લઈ શકશે. પરિવારજનોને પીક-અપ કે ડ્રોપ કરવા આવતા લોકો ટર્મીનલ-૨ પર આ સુવિધાનો ઉપયોગ કરી શકશે. ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમ **FASTag** દ્વારા **SVPIA**ની શ્રેષ્ઠત્તમ તકનીકોમાં વધુ એકનો ઉમેરો થયો છે. જેનાથી મુસાફરોની સગવડોમાં વધારાની સાથે તેમને ઉત્કૃષ્ટ અનુભવ પણ મળશે. **SVPIA** શરૂઆતથી જ ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતું રહ્યું છે. **SVPIA** ખાતે વાહનોના ઝડપી પ્રવેશ અને નિકાસ માટે **FASTag**ની સુવિધામાં એક -એક લેન રાખવામાં આવી છે. **FASTag** શરૂ થતાં પાર્કિંગમાં વાહનોની ગતિવિધીઓ ઝડપથી થશે. જેના કારણે સમય અને ઈંધણની બચત થશે. **FASTag**નો મહત્વનો ફાયદો એ છે કે તેમાં રોકડ વ્યવહારો ની જરૂરિયાત રહેતી નથી, જેથી બધાને સરળતાથી અને ઝડપી પાર્કિંગ વિકલ્પો મળી રહે છે.હવે મુસાફરોને એરપોર્ટ પર પાર્કિંગની રસીદ માટે અથવા પ્રવેશ કે બહાર નીકળતી વખતે રોકડ/ક્રેડિટ ચૂકવણી કરવા રાહ જોવી કે માનવીય હસ્તક્ષેપ રહેશે નહીં. તેથી એકંદરે પાર્કિંગ અનુભવને સીમલેસ બનાવે છે. જો કે, **FASTag** પાર્કિંગ ઉપયોગ કરતા પ્રવાસીઓએ તેમના **FASTag**માં પુરતા બેલેન્સ અને સક્રિય હોવાની ખાતરી કરવી જરૂરી છે. વળી નિર્ધારીત **FASTag** લેનમાં પ્રવેશતા મુસાફરોએ બહાર નીકળવા માટે પણ એ જ લેનમાંથી પસાર થવું આવશ્યક છે. મુસાફરોએ માનક દર ચૂકવ્યા બાદ પાર્કિંગ સુવિધા માટે કોઈ વધારાનો ખર્ચ કરવો પડતો નથી.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya